# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૮૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 185 • Dt.15-02-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

15 FEBRUARY- 2025 SATURDAY




P.07

ઇમરાન હાશ્મીની નાયિકાએ મહાકુંભમાં ડૂબકી લગાવી, ચાહકોએ બધા પાપ ધોવાઈ જશે



P.07

'ફૂલ ઔર કાંટે'માં અજય દેવગણે રોકીને હરાવ્યો હતો, તે અભિનય છોડીને મૌલાના બની ગયા

ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર બમણો થઈને ૫૦૦ અબજ ડોલર થશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



07



07

જર્મનીના આ શહેરમાં ભીડ પર કાર ઘુસી ગઈ । ૨૮ લોકોને કચડી નાખ્યા






















## ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થયો

# જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયો છે : મુખ્યમંત્રી

### ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ

I ગાંધીનગર, તા.૧૪ I

ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા આ માહિતી શેર કરી છે. જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયો છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવા ઘટાડામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. એનસીએઈઆર દ્વારા જાહેર થયેલા પેપરમાં આ વિગતો સામે આવી છે.

ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે, ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી જાણકારી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થવાનું જણાવ્યું છે. જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયાનું જણાવ્યું છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે.

મુખ્યમંત્રીએ ટ્વીટ કરી લખ્યું કે, NCAER ના અર્થશાસ્ત્રીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ મુજબ મને એ જણાવતા આનંદ થાય છે કે ગુજરાતે તેના દેવાથી જીએસડીપી ગુણોત્તરમાં ૪.૫% ઘટાડો કર્યો છે, જે ભારતના તમામ મોટા ૨૧ રાજ્યોમાં સૌથી વધુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા મજબૂત નાણાકીય



વ્યવસ્થાપન અને રાજકોષીય સમજદારીનો પુરાવો છે. કોઈપણ રાજ્ય કે દેશ ઉપર દેવું હોવું એ આજકાલની વાત નથી. માણસ જ્યારથી અર્થનીતિ સમજતો થયો છે ત્યારથી દેવું અસ્તિત્વમાં છે, માત્ર તેના સ્વરૂપ બદલાય છે. ૨૦૨૪માં વિધાનસભામાં રજૂ થયેલા આંકડાને સાચો માનીએ તો રાજ્યની માથે ૪ લાખ ૧૭ હજાર કરોડથી વધુનું કરજ. સરકાર વિકાસ કરે તો દેવું થાય એવું પણ એક કારણ સામે આવ્યું હતું જો કે, આ વખતે બજેટ પહેલા દેવાને લઈ રાહત જનક આંકડા સામે આવ્યા છે.ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દ્વારા વિધાનસભાના છેલ્લા દિવસે ગુજરાત સરકારના નાણાંકીય હિસાબોનો ઓડિટ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં સરાકરી દેવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટ અનુાર, સરકારે ૪૩૦૦૦ કરોડની બજાર લોન લીધી છે. પરંતુ તેની સામે ૧૪૭૦૦ કરોડ રૂપિયાની લોન ભરી છે. ૨૦૨૩ ના અંત સુધી આ લોનની રકમ ૨૮૩૦૫૭ પર પહોંચી ગયો છે.

## સુરતમાં બની હૃદય કંપી ઘટના,ત્રણ લોકોએ ઘરમાં ઘૂસીને મહિલા પર દુષ્કર્મ આચર્યું

I સુરત, તા.૧૪ I

સુરતના પુણા વિસ્તારની એક સોસાયટીમાં મોડી રાત્રે ત્રણ લોકો એક દંપતીના ઘરમાં ઘૂસીને પતિને ચપ્પુ વડે બાંધી દીધા હતા અને ત્યારબાદ બે લોકોએ પત્નીને જમીન પર ઢસડીને તેની સાથે વારાફરતી બળાત્કાર કર્યો હતો અને તેનો વીડિયો બનાવ્યો હતો. જતી વખતે તેઓએ તેની પાસેથી રૂ. ૩૦,૦૦૦ અને બે બંગડીઓ પણ લૂંટી લીધી હતી. સવારે પુણે પોલીસને આ બાબતની માહિતી મળતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આ કેસમાં તમામ આરોપીઓની ઓળખ કરી લીધી છે અને મુખ્ય આરોપીની ધરપ કડ કરી લીધી છે. જ્યારે અન્યની શોધખોળ ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાત્રે બે કલાકના ગાળામાં મહિલા પર ત્રણ વખત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

## વલસાડમાં સસ્તા સોનાની લાલચ આપી છેતરપિંડી આચરતી ગેંગ ઝડપાઇ

I વલસાડ, તા.૧૪ I

વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા પ્રાત થઈ છે. સસ્તા ભાવે સોનાના બિસ્કીટ તથા ત્રણ ગણી ડુપ્લીકેટ ચલણી નોટો આપ વાની લોભામણી લાલચ આપીને છેતરપિંડી આચરતી ગેંગના નવ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી કુલ રૂ. ૪૧,૪૫,૦૦ તથા ૧.૧૨ કરોડથી વધુ ચિલ્ડ્રન બેન્કની નોટોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ગેંગ પ ોલીસ તરીકેની ખોટી ઓળખ આપી છેતરપિંડી આચરતા હોવાનો પણ ખુલાસો થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ડુંગરી પોલીસ સ્ટેશનની હદમાં આવેલી હોટલ એમ્પાયરના પાર્કિંગમાં નવ જેટલા અજાણ્યા ઈસમોએ એક વ્યક્તિને સસ્તા ભાવે સોનાની ૧૦૦-૧૦૦ ગ્રામની બે બિસ્કીટ રૂ.૧૨ લાખમાં આપવાની લાલચ આપી તેને ડુંગરી હાઈવે પર આવેલી દિપ્તીબેનના ઉંબાડીયાની દુકાન પાસે બોલાવ્યો હતો.

## જામનગરના રેલ્વે સ્ટેશન પાસેથી શખ્સ ચાઇના બનાવટની સિગરેટોના જથ્થા સાથે પકડાયો

I જામનગર, તા.૧૪ I

જામનગરના ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસેથી એક શખ્સ ચાઈના બનાવટની સિગરેટોના જથ્થા સાથે પકડાયોજામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસે વોચ ગોઠવી ચાઈનાની બનાવટના સિગરેટના ૨૦ પેકેટો સાથે એક શખ્સની અટકાયત કરી છે, અને તેની સામે તમાકુ ઉત્પાદન અને વેચાણને લગતી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ દરોડાની વિગત એવી છે કે જામનગરમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસેથી પસાર થઇ રહેલો એક શખ્સ કે જેની પાસે ચાઇના બનાવટની સિગરેટનો જથ્થો ગેરકાયદે રીતે આયાત કરાયો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહ્યો છે.જે બાતમીના આધારે એસ.ઓ. જીની ટુકડીએ વોચ ગોઠવી હતી, અને રોનક ભગવાનજીભાઈ ડોડીયા નામના એક શખ્સને આંતરી લીધો હતો. જેની તલાસી લેતાં તેના કબજામાંથી ચાઇના બનાવટના સિગારેટના ૨૦ પેકેટો મળી આવ્યા હતા. જેથી પોલીસે તેની પાસેથી રૂપિયા ૨,૦૦૦ ની કિંમતનો વિદેશી સિગરેટનો જથ્થો કબજે કર્યો છે, અને તેની સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સિગારેટ અને તમાકુ ઉત્પાદન અને વેચાણ તેમજ પ ૂરો પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૭, ૮, ૯, અને ૨૦ મુજબ ગુનો નોંધ્યો છે.સિંગારેટના પેકેટ પર અંગ્રેજી ભાષામાં ચેતવણી વગેરે લખવાની હોય છે, પરંતુ તેવું કોઈ લખાણ ન હતું, અને માત્ર ચાઈનીઝ ભાષા લખેલી હતી.

## રાજકોટ સિવિલમાં ઉંદર ફરતા હોવાના કારણે હોસ્પિટલ પહેલેથી જ વિવાદમાં

# રાજકોટ સિવિલમાં કાળનું ચક્ર ફરી વળ્યું I એક જ રાતમાં ૧૭ દર્દીના મોત

I રાજકોટ, તા.૧૪ I

રાજકોટ સિવિલમાં ઉંદર ફરતા હોવાના કારણે હોસ્પિટલ પહેલેથી જ વિવાદમાં આવી છે, ત્યારે શુક્રવારનો દિવસ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બ્લેક ફ્રાઈડે સાબિત થયો છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કાળ ચક્ર એવું ફરી વળ્યું કે, ૨૪ કલાકમાં ૧૭ લોકોએ અલગ અલગ કારણે જીવ ગુમાવ્યો છે. અકસ્માત, હૃદયના ધબકરા બંધ થઈ જવા સહિતના કારણોથી ૧૭ દર્દીઓના મોત નિપજ્યા છે. અપમૃત્યુના કેસને પગલે સિવિલ હોસ્પિટલ ધમધમી ઊઠી છે.

રાજકોટમાં એક જ રાતમાં ૧૭ લોકોના મૃત્યુ નોંધાયા અફરાતરફી મચી ગઈ છે. સિવિલ હોસ્પિટલમાં રાત આખી પોસ્ટ મોર્ટમ રૂમ ધમધમતું રહ્યું



છે. તો સિવિલ હોસ્પટિલમાં આજનો દિવસ બ્લેક ફ્રાઈડે સાબિત થયો છે. કોઈએ આપઘાત કર્યો, તો કોઈનું હૃદય બંધ પડ્યું, કોઈનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયું, આવા અનેક કારણોસર ૧૭ લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. ત્યારે સ્વજનોમાં શોકની કાલિમા ફરી વળી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા ઉંદરો પકડવાનો મામલે એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યએ સિવિલ હોસ્પિટલને નોટિસ ફટકારી છે. સત્તાધીશોને ઉંદરો પર અત્યાચાર કરો છો, શા માટે તમારા પર આઈપીસી કલમ ૪૨૮, ૪૨૯ મુજબ કાર્યવાહી ન કરવી ? તેવા લખાણ સાથે નોટીસ ફટકારતા વિવાદ સર્જાયો છે. એનિમલ વેલ્ફેર બોર્ડના લેટરપેડ પર સિવિલ હોસ્પિટલને નોટીસ મળતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે. જીવદયા પ્રેમી રાજેન્દ્ર શાહે નોટિસ ફટકારી છે. આ મામલે જિલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે. રાજકોટ સિવિલમાં ઉંદર ફરતા હોવાના કારણે હોસ્પિટલ પ હેલેથી જ વિવાદમાં આવી છે.

## વડોદરામાં લવજેહાદનો કિસ્સોઃ મોહસીને મનોજ બની પરીણિતાને ફસાવી

I વડોદરા, તા.૧૪ I

વડોદરાના તાંદળજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં નૂરજહાં પાર્ક સોસાયટીમાં રહેતા મોહસિન અયુબખાન પઠાણે પોતાની ઓળખાણ મનોજ સોની તરીકે આપીને બાપોદ વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની અને બે સંતાનોની માતાને પ્રેમ જાળમાં ફસાવી હતી.ભાંડો ફૂટતા મહિલા અને તેના બે સંતાનોને ધર્મ પરિવર્તન માટે ધમકી આપીમુસ્લિમ હોવા છતાં હિન્દુ વિધિ મુજબ મોહસિને પ રિણીતા સાથે લગ્નનું તરકટ કર્યું હતું. ગત ઉત્તરાયણના રોજ પરિણીતાને મોહસિનની અસલિયતની જાણ થઈ હતી. તેણે આ અંગે મોહસિનને કહેતા ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ મોહસિને પરિણીતાને અને તેના સંતાનોને ધર્મ પરિવર્તન માટે દબાણ શરૂ કર્યું હતું અને ધમકી આપી હતી કે આ વાત કોઈને કરીશ તો તને કરીશ તો તને જાનથી મારી નાખીશ. વડોદરાના તાંદળજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં નૂરજહાં પાર્ક સોસાયટીમાં રહેતા મોહસિન અયુબખાન પઠાણે પોતાની ઓળખાણ મનોજ સોની તરીકે આપીને બાપોદ વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની અને બે સંતાનોની માતાને પ્રેમ જાળમાં ફસાવી હતી.ભાંડો ફૂટતા મહિલા અને તેના બે સંતાનોને ધર્મ પરિવર્તન માટે ધમકી આપીમુસ્લિમ હોવા છતાં હિન્દુ વિધિ મુજબ મોહસિને પરિણીતા સાથે લગ્નનું તરકટ કર્યું હતું.

## ૧૦મા ધોરણની સગીરાને ગેસ્ટ હાઉસમાં લઈ જઇ આચર્યું દુષ્કર્મ

I અમરેલી, તા.૧૪ I

અમરેલીના વંડા બાદ હવે સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ જગતને લાંછન લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે. ત્યારે હિંમતનગરની તાલુકા શાળામાં અભ્યાસ કરતી કિશોરી પર શિક્ષકે દુષ્કર્મ આચર્યું છે. આ નરાધમ શિક્ષક બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ગયો હતો અને જ્યાં તેણે દુષ્કર્મ આચર્યું છે. આ મામલે કિશોરીના માતા-પિતાએ ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પર શાળાના જ શિક્ષકે દુષ્કર્મ આચર્યું છે. વિદ્યાર્થી ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે અને શિક્ષક ધોરણ ૧૦માં અંગ્રેજી અને સંસ્કૃત વિષય ભણાવે છે. શિક્ષક વિદ્યાર્થીનીને બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે પોલીસે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.



### ગુજરાતમાં ચૂંટણી પહેલાજ ૨૧૩ બેઠકો પર બિનહરીફ ચૂંટણી

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તમામ એકમો માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીમાંથી ૫૭૭૫ માન્ય

**૧૬-૦૨-૨૦૨૫ના રોજ રાજ્યના સ્વ-શાસનના એકમોની પ્રાસંગિક ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી માટે ૨૧-૦૧-૨૦૨૫ના રોજ શેડ્યૂલ જાહેર કર્યું**

| ગાંધીનગર, તા.૧૪ |

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૬૮ મહાનગરપાલિકા, ગાંધીનગર, કાથલાલ, કપડવંજ તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યગાળાની ચૂંટણીઓ અને ૧૬-૦૨-૨૦૨૫ના રોજ રાજ્યના સ્વ-શાસનના એકમોની પ્રાસંગિક ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી માટે ૨૧-૦૧-૨૦૨૫ના રોજ શેડ્યૂલ જાહેર કર્યું છે.



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત તા.૨૭-૦૧-૨૦૨૫ થી ૦૧-૦૨-૨૦૨૫ સુધીમાં તમામ એકમો માટે કુલ ૭૦૩૬ ઉમેદવારી પત્રો રજુ થયા હતા જેમાંથી ૧૨૬૧ અમાન્ય અને ૫૭૭૫ માન્ય છે. ૪૭૮ ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો પાછા ખેંચ્યા છે. કુલ ૨૧૩ બેઠકો બિનહરીફ છે અને કુલ ૫૦૮૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની કુલ ૬૦ બેઠકો પૈકી વોર્ડ નંબર ૩ અને ૧૪ (કુલ ૮ બેઠકો) સંપૂર્ણપણે બિનહરીફ છે, જ્યારે બાકીના વોર્ડ (બાવન બેઠકો) પર ચૂંટણી યોજાવાની છે. આ માટે કુલ ૧૫૭ ઉમેદવારો મેદાનમાં છે.૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડની પેટાચૂંટણી અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૭ (સામાન્ય), ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૩ (સામાન્ય) અને સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૮ (પછાત વર્ગ) એમ ત્રણ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. આ બેઠકો માટે કુલ ૧૭ ઉમેદવારો મેદાનમાં છે. સામાન્ય ચૂંટણીમાં ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડમાંથી ૨૪ વોર્ડ સંપૂર્ણપણે બિનહરીફ થયા છે. કુલ ૧૮૪૪ બેઠકોમાંથી ૧૬૭ બેઠકો બિનહરીફ છે જ્યારે ૧૬૭૭ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. આ બેઠકો માટે કુલ ૪૩૭૪ ઉમેદવારો મેદાનમાં છે. પંચમહાલની શિવરાજપુર બેઠક બોટાદ અને વાંકાનેર નગરપાલિકાના ૧૮ વોર્ડમાંથી મધ્યસત્ર ચૂંટણીમાં ૪ વોર્ડ સંપૂર્ણપણે બિનહરીફ થયા છે. કુલ ૭૨ બેઠકોમાંથી ૨૩ બેઠકો બિનહરીફ છે જ્યારે ૪૯ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. આ બેઠકો માટે ૧૦૧ ઉમેદવારો મેદાનમાં છે. નગરપાલિકા પેટાચૂંટણી અંતર્ગત ૨૧ બેઠકોમાંથી ૨ બેઠકો (મોરબી જિલ્લાની માળીયા મિયાણા નગરપાલિકાના વોર્ડ નં. ૨ અને ૫) બિનહરીફ છે. ૧૯ બેઠકો પર ચૂંટણી થવાની છે. આ બેઠકો માટે કુલ ૪૫ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લા પંચાયત પેટાચૂંટણી હેઠળની ૯ બેઠકોમાંથી ૧ બેઠક (પંચમહાલ જિલ્લાનું ૨૯-શિવરાજપુર) બિનહરીફ છે. ૮ બેઠકો પર ચૂંટણી થવાની છે. આ બેઠકો માટે ૨૨ ઉમેદવારો મેદાનમાં છે.ગાંધીનગર, કાથલાલ અને કપડવંજ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ૭૮ બેઠકો માટે ૧૭૮ ઉમેદવારો મેદાનમાં છે.તાલુકા પંચાયત પેટા ચૂંટણી અંતર્ગત ૯૧ બેઠકો પૈકી ૧૨ બેઠકો બિનહરીફ થઈ છે. હારીજ તાલુકા પંચાયતની ૧૨-સાંકરા, બગસરા તાલુકા પંચાયતની ૧૬-વાઘણીયાજુના અને બાબરા તાલુકા પંચાયતની ૧૦-કારીઆણાની ઉમેદવારી પત્ર ભરાય તો જે રદ થશે તો ચૂંટણી યોજાશે નહીં. આ સિવાય પેટાચૂંટણી અંતર્ગત ૭૬ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. આ બેઠકો માટે ૧૯૦ ઉમેદવારો મેદાનમાં છે.મતદાન સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન માટે ગણતરીના દિવસો બાકી

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રચાર વખતે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ બાખડ્યા

| અમરેલી, તા.૧૪ |

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન માટે ગણતરીના દિવસો બાકી છે. ૧૬ ફેબ્રુઆરીના રવિવારના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો જોર શોરથી પ્રચારમાં લાગી ગયા છે. જો કે અમરેલીમાંચલાલા નગરપાલિકા વિસ્તારમાં પ્રચાર સમયે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ બાખડી પડ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે.અમરેલી જિલ્લાના ચલાલા નગરપાલિકા વિસ્તારમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે તંગ વાતાવરણ જોવા મળ્યું. માહિતી મુજબ ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસના નેતાઓના વિરોધમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા, જેના કારણે બંને પક્ષના સમર્થકોમાં ઉગ્રબોલાચાલી થઈ. આ પ્રચાર કાર્યક્રમ દરમિયાન સ્થાનિક વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસના નેતા પ્રતાપ દૂધાતે પોતપોતાના સમર્થકો સાથે જોડાયેલા હતા.જ્યારે બંને પક્ષો વચ્ચે સ્થિતિ વધુ બગડી રહી હતી, ત્યારે સ્થાનિક પોલીસે વચ્ચે પડવુ પડ્યુ હતુ. કાર્યકરો વચ્ચે બોલાચાલીના કારણે તણાવનો માહોલ ઉભો થયો હતો, પરંતુ પોલીસના સમયસર દખલથી આ મામલો શાંત પાડવામાં આવ્યો હતો. મહત્વનું છે કે ગુજરાતમાં પાલિકા અને પંચાયતની ચૂંટણીઓમાં ભાજપ તરફી ૨૧૫ બેઠકો બિન હરીફ થઈ ગઈ છે.

## જામજોધપુરના સતાપરમાં પાણી વાળી રહેલા ખેડૂતનું વીજઆંચકો લાગવાથી મૃત્યુ

| જામનગર, તા.૧૪ |

જામજોધપુર તાલુકાના સતાપર ગામમાં રહેતા અને ખેતી તેમજ પશુપાલનનો વ્યવસાય કરતા કરસનભાઈ માંડાભાઈ છેલાણા નામના ૩૪ વર્ષના રબારી યુવાનને પોતાની વાડીમાં પાણી વાળતી સમયે એક વીજવાયરમાં લિકેજ હોવાથી એકાએક વીજઆંચકો લાગ્યો હતો, અને બેશુદ્ધ બન્યા હતા. જેને પરિવારજનોએ સારવાર માટે જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવો અંગે મૃતકના મોટાભાઈ અરજણભાઈ માંડાભાઈ છેલાણાએ પોલીસને જાણ કરતાં પી.એસ.આઈ એચ.બી.વડાવિયા બનાવના સ્થળે તેમજ જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવને લઈને મૃતક રબારી યુવાનની ત્રણ વર્ષની પુત્રી તેમજ એક વર્ષના પુત્ર એ પિતાનું છત્ર ગુમાવ્યું છે. યુવાનને પોતાની વાડીમાં પાણી વાળતી સમયે એક વીજવાયરમાં લિકેજ હોવાથી એકાએક વીજઆંચકો લાગ્યો હતો.

## વડોદરા કોર્પોરેશનની નવી આર્ટ ગેલેરી તૈયાર, પરંતુ હજુ ખુલ્લી મૂકવામાં આવી નથી

| વડોદરા, તા.૧૪ |

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બદામડી બાગ ખાતે ફાયર સ્ટેશન અને નવી આર્ટ ગેલેરી આશરે ૬ કરોડના ખર્ચે બનાવી છે. આર્ટ ગેલેરી તૈયાર છે, અને હજુ સુધી તે ખુલ્લી મુકવામાં આવી નથી. તાજેતરમાં સ્ટેન્ડિંગ સમિતિમાં આ માટેની એક દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ આર્ટ ગેલેરીને સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરી નામ અપાયું છે. જેની સાથે સાથે આર્ટ ગેલેરીના ધંધાકીય અને બિન ધંધાકીય ઉપયોગ માટે ભાડું અને લાગત પણ નક્કી કરવામાં આવી છે.ટુરિસ્ટ વિભાગ દ્વારા બદામડીબાગ ખાતેની વર્ષો અગાઉ બનેલી સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરીનુ સંચાલન કરવામા આવતુ હતુ.

વર્ષ ૨૦૧૮ માં જૂની આર્ટ ગેલેરી તોડી પાડીને નવી આર્ટ ગેલેરી બનાવવાની હોઈ ગેલેરીનુ બૂકિંગ તથા વપરાશ બંધ કરી દેવામાં આવ્યો હતો. હવે નવી આર્ટ ગેલેરીનું બૂકિંગ નવી ઈઆરપી સીસ્ટમથી શરૂ કરવામા આવશે. જોકે હજુ સમગ્ર સભાની મંજૂરી લેવાની બાકી છે. વડોદરાના કલાકારો છેલ્લા સાત વર્ષથી આર્ટ ગેલેરી વિના પરેશાન છે. આર્ટ ગેલેરી માટે અગાઉ આંદોલનનો પણ કર્યા હતા અને જલ્દી આર્ટ ગેલેરી આપવા માંગણી કરી હતી. હવે બિલ્ડીંગ તૈયાર છે તો તે જલ્દી શરૂ કરવા માંગ કરી છે. આર્ટ ગેલેરીની સાથે-સાથે ગ્રાઉન્ડ ફ્લોર પર ફાયર બ્રિગેડ સ્ટેશન પણ બનાવવામાં આવ્યું છે. કોર્પોરેશનનું મુખ્ય ફાયર સ્ટેશન જે દાંડિયા બજાર ખાતે હતું, તે તોડી પાડીને બદામડી બાગની જગ્યામાં બનાવવા જે તે સમયે નિર્ણય થયો ત્યારે વિરોધ થયો હતો. જે તે સમયે વિરોધ પક્ષ કોંગ્રેસના મહિલા નેતાએ માગણી કરતા જણાવ્યું હતું કે શહેરની મધ્યમાં લોકોને શુધ્ધ હવા મળે તે માટે બહુ ઓછા ગાર્ડન બચ્યા છે, તો ગાર્ડન અકબંધ રાખવો જોઈએ. લોકો પાસેથી ગાર્ડનની સુવિધા ન છીનવાય તે ધ્યાનમાં રાખવા અનુરોધ કર્યો હતો.






## તંત્રી લેખ..

# દરેક ક્ષેત્રે સારી તકો

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક સેક્ટરમાં અનેક સારી સંભાવના રહેલી છે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઈ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઈ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઈ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બૈકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્યુઅલ રિયાલિટી, મસીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટને સમજીને સ્કિલ્સની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે. નવી નવી ટેકનોલોજીને વહેલી તકે સ્વીકાર કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે.

# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**કેન્સર ચેક કરવાના વિવિધ ઉપકરણો અને નિદાન**

**ફોટા કે એક્સ- રે ને લગતી પ્રકિયાઓ માટે શરીરના અંદરના ભાગનો ફોટો લેવામાં આવે છે જેનાથી ડોક્ટરને એ જોવામાં સરળતા રહે છે કે વ્યકિતના શરીરમાં ગાંઠ છે કે નહીં**


# એક્સ-રેઃસીટી સ્કેન : રેડિયોન્યૂકલાઇડ સ્કેન : અલ્ટ્રાસાઉન્ડ, એમ.આર.આઇ, પેટસ્કેન, બાયોપ્સીશું છે?

**આવા દ્રવ્યોને મોટેભાગે ગાંઠનું નિર્માણ કહેનારા કહેવામાં આવે છે. તેમ છતાં લેબોરેટરી તપાસમાં આવતાં એબનોર્મલના પરિણામો એ કેન્સર હોવાની ચોક્કસ નિશાનીરૂપ હોતાં નથી**

કેન્સર ની જાણકારી માટે સ્ક્રીનીંગ ટેસ્ટ અથવા લેબોરેટરી તપાસકરવી જોઈએ. જેમકે લોહી,પેશાબ અને અન્ય ફલુંઇડની તપાસથી ડોકટરને તેનું નિદાન કરવું સહેલું થઈ જાય છે. આ તપાસથી ખબર પડે છે કે જે તે અંગ કેટલી સારી રીતે કામ કરે છે? વળી, અમુક દ્રવ્યનું વધારે પડતું પ્રમાણ એ કેન્સરની નિશાની છે. આવા દ્રવ્યોને મોટેભાગે ગાંઠનું નિર્માણ કહેનારા કહેવામાં આવે છે. તેમ છતાં લેબોરેટરી તપાસમાં આવતાં એબનોર્મલના પરિણામો એ કેન્સર હોવાની ચોકકસ નિશાનીરૂપ હોતાં નથી. કેન્સરનું નિદાન કરતી વખતે ડોકટર માત્ર લેબોરેટરી તપાસના પરિણામોને જ ધ્યાનમાં નથી રાખતાં. ફોટા કે એકસ- રે ને લગતી પ્રકિયાઓ માટે શરીરના અંદરના ભાગનો ફોટો લેવામાં આવે છે. જેનાથી ડોક્ટરને એ જોવામાં સરળતા રહે છે કે વ્યકિતના શરીરમાં ગાંઠ છે કે નહીં. આવા ફોટાઓ નીકાળવાની ઘણી રીતો છેઃ

**એક્સ-રેઃ** શરીરમાંના અંગો અને હાડકાંને જોવાની એકસ- રે એ અતિ સામાન્ય પધ્ધતિ છે.

**સીટી સ્કેનઃ** આ એકસ-રે મશીન કોમ્પ્યુટર સાથે જોડાયેલું હોય છે. જે શરીરના અંદરના ભાગોના ક્રમવાર ઘણા બધાં વિગતવાર ફોટાઓ ડાઈ જેવા મટિરિયલ પર આપે છે જેનાથી આ ફોટાઓને જોવામાં અને સમજવામાં સરળતા રહે છે.



**રેડિયોન્યૂકલાઇડ સ્કેન**

આ પ્રકારનો સ્કેન વ્યકિતને થોડા રેડિયોએકિટવ મટિરિયલનું ઈંજેકશન આપીને કરી શકાય છે. આ લોહીના પ્રવાહ સાથે વહે છે અને કેટલાંક હાડકાં અને અંગોમાં સંઘરાય છે.સ્કેનર નામનું મશીન રેડિયોએકિટવીટીની તપાસ કરે છે અને તેને માપે છે. સ્કેનર શરીરની અંદરના હાડકાં અને અંગોના ચિત્ર કોમ્પ્યુટરના પડદા કે ફિલ્મ પર સર્જે છે. શરીરને આવા રેડિયોએકિટવ પદાર્થથી તરત જ મુકિત મળે છે.

**અલ્ટ્રાસાઉન્ડઃ** અલ્ટ્રાસાઉન્ડ સાધન અવાજના તરંગો બહાર મોકલે છે જે લોકો સાંભળી શકતાં નથી.આ તરંગો તમારા શરીરમાંના ટીસ્યુઓ પર પડઘાની જેમ અથડાય છે. કોમ્પ્યુટર આ તરંગોનો ઉપયોગ સોનોગ્રામ કહેવાતા ચિત્ર બનાવવા માટે કરે છે.

**એમ.આર.આઇઃ** કોમ્પ્યુટર સાથે જોડાયેલા મજબૂત મેગ્નેટ- લોહચુંબકનો ઉપયોગ શરીરના ભાગોના વિગતવાર ચિત્ર બનાવવા માટે કરે છે. ડોકટર આવા ચિત્રને કોમ્પ્યુટરના મોનીટર પર જુએ છે અને ફિલ્મ પર તેની પ્રિન્ટ લે છે.

**પેટસ્કેનઃ** થોડા રેડિયોએકિટવ મટિરિયલ્સનું ઈંજેકશન આપ્યા પછી મશીન શરીરમાં થતી કેમિકલ્સની હિલચાલ બતાવતાં ચિત્ર બનાવે છે. જે સક્રિય હિલચાલવાળા શરીરના ભાગોમાં કેન્સરના કોષો દેખાડે છે.

મોટાભાગના કેસોમાં ડોકટરને કેન્સરના નિદાન માટે બાયોપ્સી કરવાની જરૂર પડે છે. આવી બાયોપ્સી કરવા માટે ઓળખાયેલી ગાંઠના ટીસ્યૂના નમૂનો લઈ લેબોરેટરીમાં તેની તપાસ માટે મોલવામાં આવે છે. પેથોલોજીસ્ટ તે ટીસ્યૂને માઈક્રોસ્કોપની નીચે મૂકીને જુએ છે.

**બાયોપ્સીઃ** ગાંઠના ટીસ્યૂનો નમનો શરીરમાંથી કાઢવાની કેટલીક નીચે બતાવ્યા મુજબની રીતો છેઃ

**સોયથીઃ** ડોકટર સોયની મદદથી ટીસ્યૂ કે ફલ્યુઈડ ખેંચી કાઢે છે.

એન્ડોસ્કોપની મદદથીઃ શરીરમાંના ભાગોને જોવા માટે ડોકટર એક પાતળી, લાઈટવાળી ટયૂબનો એન્ડોસ્કોપનો ઉપયોગ કરે છે.

**સર્જરીથીઃ** સર્જરી એકસસાઈઝન કે ઈનસીઝન હોઈ શકે.

એકસસાઈઝન બાયોપ્સીમાં સર્જન ડોકટર આખી ગાંઠને ઓપરેશન કરી કાઢી નાખે છે.કેટલીકવાર ગાંઠની આજુબાજુના સામાન્ય ટીસ્યૂને પણ કાઢી નાખે છે.

ઈનસીઝન બાયોપ્સીમાં સર્જન ડોકટર માત્ર ગાંઠનો અમુક ભાગ જ કાઢી નાખે છે.જો તેના લક્ષણો કે સ્કીન ટેસ્ટોમાં કેન્સર હોવાનું સૂચવવામાં આવ્યું હોય તો ડોકટરે એ શોધી નાખવું પડે કે તે કેન્સરના કારણે અથવા અન્ય કોઈ કારણોસર થયું છે?



**ભાવિ કેરિયર માટેનો માર્ગ ઇન્ટર્નશીપથી વધુ સરળ બની જાય છે...**

**આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઇફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે**

# ઇન્ટર્નશીપ : ખુબ મોટો ફાયદો

**આધુનિક સમયમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે જે જાણવુ ખુબ જરૂરી છે**

આધુનિક સમયમાં ઈન્ટર્નશીપ ભાવિ કેરિયરને સરળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઈન્ટર્નશીપનો સમય બચાવી લેવાના ચક્કરમાં કોલેજમાં ખોટા ઈન્ટર્નશીપ સર્ટિફિકેટ્ જમા કરી દે છે. આના કારણે આ વિદ્યાર્થીઓ માત્ર પોતાની સાથે જ વિશ્વાસઘાત કરતા નથી બલ્કે પોતાની કેરિયરને પણ નુકસાન કરે છે. આવા લોકો અને વિદ્યાર્થીઓને મોડેથી ઈન્ટર્નશીપનુ મહત્વ સમજાય છે. કેરિયર લાઈફમાં મોડેથી જ્યારે આ વાત સમજાય છે ત્યારે નુકસાન ખુબ મોટુ થઈ જાય છે. ઈન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે. આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઈન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઈફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે. ઈન્ટર્નશીપ મારફતે વિદ્યાર્થીઓને પોતાની નબળાઈ અને કુશળતાને સારી રીતે અન્યોની વચ્ચે સમજી લેવામાં મદદ મળે છે. અસલ દુનિયાનો અનુભવ થાય છે. ઈન્ટર્નશીપ કરવાની બાબત કેરિયરને વ્યવસ્થિત બનાવવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલુ હોઈ શકે છે. કારણ કે તે વ્યક્તિને પ્રોફેશનલ લાઈફની એક ઝલક બતાવે છે. યુવાનોને ઈન્ટર્નશીપ



કરવા માટે કંપનીની પંસદગી કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી લાભ મળે છે. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી આપને ભવિષ્યમાં કેરિયરની પસંદગી કરતી વેળા લાભ મળે છે. જો તમે યોગ્ય કંપનીમાં સામેલ થઈ જાઓ છો તો આ બાબતની સંભાવના વધી જાય છે કે આપને સારી નોકરી મળી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈન્ટર્નશીપના ગાળામાં સૌથી વધારે શિખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેના કારણે ખુબ મોટો ફાયદો મળી જાય છે. સામાન્ય રીતે આમારા લોકો પૈકી મોટા ભાગના લોકો એવા ક્ષેત્રમાં જાય છે જે અમારા સપના હોવાના બદલે અમારા માતા પિતા અને પરિવારના અન્ય સભ્યોના સપના હોય છે. જો કે સારી બાબત અને આદર્શ બાબત એ છે કે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધતી વેળા કેરિયરને લઈને પોતે નિર્ણય કરવા જોઈએ. લોકો જે સલાહ આપે છે તે લેવામાં કોઈ વાંધો નથી પરંતુ એ વખતે પણ પોતાના મનની વાતને જ સમજી લેવામાં આવે તે જરૂરી છે. ઈન્ટર્નશીપ કરતી વેળા વિદ્યાર્થીને તક મળે છે કે વાસ્તવમાં બજારની દુનિયા શુ છે. અને શુ તે જગ્યા તેના ભવિષ્ય માટે યોગ્ય છે. ઈન્ટર્ન તરીકે કંપનીને જોઈન કરવાથી પ્રોફેશનલ માહોલમાં કામ કરવાની તક મળે છે. ઈન્ટર્ન તરીકે આપને માત્ર હાથમાં કોફી કપ લઈને જેમ તેમ ફરવાની તક મળતી નથી. બલ્કે આપને જીવનની વાસ્તવિક સ્થિતીની સામે આવવાની તક મળે છે. કેટલાક ઈન્ટર્નશીપના અવસર આપના કેરિયરને આધાર આપે છે. આપ પોતાના રસ અને મજા આવે તેવી કેરિયર સંભાવના મુજબ ઈન્ટર્નશીપની પસંદગી કરે તે જરૂરી છે. ઈન્ટર્નશીપથી આ અંદાજ લગાવવાની યોગ્યતા આવી જાય છે કે આ કામ એવુ છે જેમાં તે લાઈફમાં રહી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ઈન્ટર્નશીપ કેટલાક રીતે ઉપયોગી બને છે. ઈન્ટર્નશીપ મારફતે આપને કોઈ કંપનીમાં પગ મુકવાની જગ્યા મળે છે. એક બાબતને હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ કંપની ઈન્ટર્નશીપને રિક્રુટમેન્ટ ટુલ તરીકે ઉપયોગ કરે છે.

પ્રોફેશનલ દુનિયામાં આ શિખવા માટેની જરૂર છે કે પોતાને કઈ રીતે રજૂ કરવામાં આવનાર છે. કોઈ પણ કંપની પોતાની સાથે એવા લોકોને જોડવાનુ પસંદ કરે છે જે સારી રીતે કામ કરવાનુ જાણે છે. ઈન્ટર્નશીપમાં ઈવેન્ટમાં હાજરી આપવાની તક તો મળે છે સાથે સાથે પ્રોફેશનલ લોકોને મળીને નવા કનેક્શન પણ બને છે. નેટવર્કિંગથી કેટલાક રેફરન્સ મળતા રહે છે. જે આવનાર પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ સાબિત થાય છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ કરવાથી પણ ફાયદો થાય છે. અમારામાંથી મોટા ભાગના લોકો આ બાબતને પહેલાથી જ જાણે છે કે પરફોર્મમ્સ જ પ્રોડક્ટ હોય છે. પહેલા કંપનીઓ આપના રિજ્યુમમાં જુએ છે કે આપની પાસે અનુભવ શુ છે. તમે પહેલા કોઈ કંપની સાથે જોડાયેલા હતા કે કેમ. જો તમે કોઈ કંપની સાથે જોડાયેલા રહી ચુક્યા છો તો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

# ભારત દેશમાં પરિવાર નિયોજન માટે કોઇને ફરજ પાડી શકાય નહીં તેવી કેન્દ્રની રજૂઆત પાછળ અનેક બાબતો છુપાયેલી રહેલી છે

દેશમાં વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે કોઈ કાનુન બનાવવાને લઈને સમય સમય પર માંગ ઉઠતી રહી છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં કેટલીક ઉપયોગી બાબત રજૂ કરવામાં આવની ચુકી છે. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે વસ્તી વિસ્ફોટના કારણે વિકાસના લાભ તમામ લોકો સુધી સરળ રીતે પહોંચતા નથી. જેના અનેક અર્થ રહેલા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ હતુ કે તે પરિવાર નિયોજન માટે કોઈના પણ દબાણ લાવી શકેનહીં. કેન્દ્ર સરકારે કહ્યુહતુ કે ભારતમાં કોને કેટલાક બાળકો પૈદા કરવા છે તે બાબત પતિ અને પત્નિ પોતે નક્કી કરી શકે છે. આ મામલે સરકારને કોઈ ફરજ પાડવી જોઈએ નહીં. દંપત્તિ કેટલા બાળકોને જન્મ આપે તે બાબત સરકાર નક્કી કરી શકે નહીં. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપતા કહ્યુ હતુ કે ભારત દેશના લોકો પર બળજબરીપૂર્વક પરિવાર નિયોજન લાગુ કરી શકાય નહીં. સરકારે એમ પણ કહ્યુ હતુ કે તે આ બાબતનો જોરદાર રીતે વિરોધ કરે છે. ચોક્કસ સમયમાં બાળકોને જન્મ આપવા માટેની બાબત ફરજિયાત કરવાની બાબત હાનિકારક સાબિત થઈ શકે છે. સાથે સાથે અનેક પ્રકારના વિકારને પણ આવી બાબતો જન્મ આપશે.

બાળકોને જન્મ આપવાનો અધિકાર માતાપિતાને રહેલો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં કહ્યુ હતુ કે દેશમાં પરિવાર નિયોજન કાર્યક્રમ સ્વૈચ્છિક છે. જેમાં પોતાના પરિવારના કદ અંગે નિર્ણય દંપત્તિ પોતે કરે છે. સાથે સાથે પોતાની ઈચ્છા મુજબ પરિવાર નિયોજનના તરીકાને અજમાવી શકે છે. આનાથી સાફ થઈ જાય છે



કે બાળકોને જન્મ આપવાને લઈને કોઈ પણ પ્રકારની કોઈ ફરજિયાત બાબત રહેલી નથી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એમ પણ કહ્યુ છે કે ચોક્કસ સંખ્યામાં બાળકોને જન્મ આપવાની બાબત ફરજિયાત કરવાની રીત નુકસાનકારક સાબિત થઈ શકે છે. ભારતીય જનતા પાર્ટીના નેતા અને અધિવક્તા અશ્વિની કુમાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી આ બાબત કરવામાં આવી હતી. અરજીમાં દિલ્હી હાઈકોર્ટના એવા આદેશને પડકાર ફેંકવામાં આવ્યો હતો જેમાં કોર્ટે દેશની વધતી જતી વસ્તી પર અંકુશ મુકવા માટે બે બાળકોના નિયમ સહિત કેટલાક પગલા લેવાની માંગ કરી હતી. જેને હાઈકોર્ટે ફગાવી દીધીહતી. મંત્રાલયના અધિકારીઓએ કહ્યુ હતુ કે લોક સ્વાથ્ય રાજ્યોનો વિષય છે. રાજ્ય સરકારોને આરોગ્યના ક્ષેત્રમાં યોગ્ય અને ટકાઉ સુધારા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. રાજ્ય સરકારો વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે ખાસ દરમિયાનગીરીની સાથે સાથે કેટલાક પગલા ભરી શકે છે. બીજી બાજુ કોર્ટે પણ પોતાની સ્પષ્ટ રજૂઆત કરી હતી. હાઈકોર્ટે ત્રીજી સપ્ટેમ્બરના દિવસે અરજી ફગાવી દઈને કહ્યુ હતુ કે કાનુન બનાવવા માટેનુ કામ સંસદનુ છે. રાજ્ય વિધાનસભામાં કાનુન બનાવવામાં આવી શકે છે. ઉપરોક્ત અરજીમાં દલીલ આપવામાં આવી હતી કે ભારતની વસ્તી હવે ચીન કરતા વધારે થઈ ચુકી છે. તેમજ ૨૦ ટકા ભારતીય લોકોની પાસે આધાર કાર્ડ નથી.

કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવ્યાબાદ આ વિષયને લઈને દેશના નિષ્ણાંતોમાં ફરી એકવાર જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. કેન્દ્ર સરકાર વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે કેટલાક ખાસ પગલા લઈ શકે છે. આ મામલે પ્રાયોગિક લાભની વાત થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વસ્તી વિસ્ફોટને લઈને ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. સાથે સાથે તમામ લોકો સારી રીતે જાણે છે કે વસ્તી વિસ્ફોટ એક પ્રકારની આફત સમાન છે. આના કારણે ગરીબી અને બેરોજગારીની સમસ્યા વધારે ગંભીર બની રહી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપતા પીએમ મોદી અને અમિત શાહ

। નવીદિલ્હી, તા.૧૪ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ના પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં. વર્ષ ૨૦૧૯ માં આજના દિવસે, આતંકવાદીઓએ પુલવામામાં એક મોટો હુમલો કર્યો હતો, જેમાં દેશના ૪૦ સૈનિકો શહીદ થયા હતા. પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો પર આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલાના માત્ર ૧૨ દિવસ પછી, ભારતે પાકિસ્તાનથી બદલો લીધો અને ૨૬ ફેબ્રુઆરીએ બાલાકોટમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી. આ સર્જિકલ સ્ટ્રાઈકમાં ભારતીય સેનાએ ઘણા જૈશ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.એકસ પરની એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું, "૨૦૧૯ માં પુલવામામાં આપણે ગુમાવેલા બહાદુર નાયકોને શ્રદ્ધાંજલિ. આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં."કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ૨૦૧૯ માં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ સીઆરપીએફ જવાનોને શ્રદ્ધાંજલિ આપી. શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદીઓને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે કટિબદ્ધ છે અને સરકારે આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી છે.

બિહાર બાદ હવે જમ્મુ-કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ

# જમ્મુ અને કાશ્મીરમાં દારૂ ઉપર પ્રતિબંધની માંગ । વિધાનસભામાં ખાનગી બિલ રજૂ કરાયું

**જમ્મુ અને કાશ્મીરમાં દારૂની દુકાનોના વેચાણથી થતી આવક નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૨૮૦ કરોડ રૂપિયાની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી હતી । જમ્મુ અને કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ**

। શ્રીનગર,તા.૧૪ ।

બિહાર બાદ હવે જમ્મુ-કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠી છે. પાર્ટી લાઈન તોડીને, જમ્મુ અને કાશ્મીરના ધારાસભ્યોએ કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે અલગ ખાનગી બિલ રજૂ કર્યા. આ બિલમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂની જાહેરાત, વેચાણ, ખરીદી, વપરાશ અને ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. ભાજપે પણ આ પ્રસ્તાવને ટેકો આપ્યો છે.



જમ્મુ અને કાશ્મીરના ધારાસભ્યોએ પાર્ટી લાઈન તોડીને ૩ માર્ચથી શરૂ થઈ રહેલા આગામી વિધાનસભા સત્ર માટે એક ખાનગી સભ્ય બિલ રજૂ કર્યું, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. વિપક્ષ ભાજપે પણ આ બિલોને ટેકો આપ્યો છે. બજેટ સત્ર પહેલા, નેશનલ કોન્ફરન્સ , પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને અવામી ઈત્તેહાદ પાર્ટી ના ત્રણ ધારાસભ્યોએ જમ્મુ અને કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતું ખાનગી બિલ રજૂ કર્યું.

નેશનલ કોન્ફરન્સ વતી, લાલ ચોકના ધારાસભ્ય અહેસાન પરદેસીએ એક ખાનગી બિલ રજૂ કર્યું. કુપવાડા વિધાનસભા મતવિસ્તારના પીડીપી ધારાસભ્ય મીર મોહમ્મદ ફયાઝે પણ દારૂ પ્રતિબંધ અંગે એક ખાનગી બિલ રજૂ કર્યું છે, જ્યારે લંગેટના એઆઈપી ધારાસભ્ય શેખ ખુર્શીદ અહેમદે પણ આ સંદર્ભમાં એક ખાનગી બિલ રજૂ કર્યું છે. દરમિયાન, ભાજપના નેતા અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિર્મલ સિંહે કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાના કોઈપણ કાયદાને સમર્થન આપ્યું છે.

ઉપલબ્ધ માહિતી મુજબ, ૨૦૨૦ માં, વિભાગે ૧૩૨૦ કરોડ રૂપિયાની કમાણી નોંધાવી, ત્યારબાદ ૨૦૨૧ માં ૧૩૫૩ કરોડ રૂપિયા, ૨૦૨૨ માં ૧૭૭૭ કરોડ રૂપિયા અને ૨૦૨૩ માં ૧૭૯૬ કરોડ રૂપિયાની કમાણી કરી, જે ૨૦૨૪ માં ૨૨૮૦ કરોડ રૂપિયાના ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી.અહેવાલો અનુસાર, જમ્મુ અને કાશ્મીરમાં દારૂની દુકાનોના વેચાણથી થતી આવક નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૨૮૦ કરોડ રૂપિયાની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી હતી, જ્યારે ૨૦૨૩માં તે ૧૭૯૬ કરોડ રૂપિયા હતી. દક્ષિણ કાશ્મીરમાં એક દારૂની દુકાન ૫.૩ કરોડ રૂપિયામાં હરાજી કરવામાં આવી.સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે દારૂની દુકાનોની હરાજીમાંથી મળેલી આવક નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૨૮૦ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી હતી.

## બિહારમાં એનડીએને સત્તામાં આવતા કોઈ રોકી શકશે નહીં : રામદાસ આઠવલે

। દરભંગા, તા.૧૪ ।

